

શહેર વસાહત મહામંડળ દ્વારા ગરીબ અને વંચિત દર્દીઓને શિયાળાની કડકડતી ઠંડીમાં ધાબળાનું વિતરણ કરાયું હતું. શહેર વસાહત મંડળની સેવાકીય પ્રવૃત્તિમાં મહામંડળ અને જ્યોતિ મહિલા મંડળના હોદ્દેદારો જોડાયા હતા.

# નરોડાના યુવાનનો લીંબડીયા કેનાલમાં ઝંપલાવી આપઘાત

ગાંધીનગર, તા. ૩

અમદાવાદના નરોડા જીઆઈડીસી વિસ્તારમાં રહેતા ૨૯ વર્ષીય પરિણીત યુવાને ગાંધીનગર નજીક લીંબડીયા નર્મદા કેનાલ પાસે આવીને તેનું બાઈક બહાર પુલ પાસે પાર્ક કરી કેનાલમાં મોતની છલાંગ લગાવી દીધી હતી. કેનાલ સિક્યુરીટી ગાર્ડ તેને બચાવવા કેનાલમાં પડ્યો પરંતુ બચાવવામાં નિષ્ફળતા મળી હતી. ગૃહ કંકાશથી કંટાળી યુવાને આપઘાત કર્યો હોવાની ડભોડા પોલીસે આશંકા વ્યક્ત કરી ઊંડી તપાસ શરૂ કરી છે.

બપોરના અરસામાં ગાંધીનગર પાસેના લીંબડીયા નર્મદા કેનાલ બહાર પુલ પાસે બાઈક પાર્ક કરીને એક યુવાને કેનાલમાં પડતુ મુક્યું હતું. સિક્યુરીટી ગાર્ડનું ધ્યાન પડતા તેણે પણ કેનાલમાં જઈ યુવાનને બચાવવા પ્રયત્ન કર્યો પરંતુ બચાવી શક્યો નહી. મૃતદેહ બહાર કાઢી પોલીસને જાણ કરતાં ડભોડા પોલીસ દોડી આપી હતી. તપાસ કરતા આ નરોડા જીઆઈડીજીમાં રહેતો ૨૮ વર્ષિય પરિણીત યુવાન મનીષભાઈલાલભાઈ દરજી હોવાનું બહાર આવ્યું છે. ઘર કંકાશથી કંટાળીને તેણે આપઘાત કર્યો હોવાનું પોલીસની પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે. ડભોડા પોલીસે મૃતદેહ પોસ્ટમોર્ટમ માટે મોકલી અકસ્માત મોતનો ગુનો નોંધી વધુ તપાસ આરંભી છે.

# ગાંધીનગરમાં પુસ્તક પરબનો વિશિષ્ટ કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા. ૩

માતૃભાષા અભિયાન અંતર્ગત પુસ્તકની પરબનો વિશિષ્ટ કાર્યક્રમ ઓક્ટોબર-૨૦૧૩ અમદાવાદ ખાતે શરૂ થયો હતો, જેને અભૂતપૂર્વ પ્રતિસાદ મળ્યો હતો. દર મહિનાના પ્રથમ રવિવારે પુસ્તકની પરબ યોજાય છે.

પુસ્તકની પરબમાં કોઈ પણ વ્યક્તિ નિઃશુલ્ક પુસ્તકો ભેટ આપી શકે છે. આવાં પુસ્તકોનું નિઃશુલ્ક વિતરણ અન્ય લોકોને કરવામાં આવે છે.

પુસ્તક પરબની મુલાકાતે આવનાર વાચક-ભાવક પોતાને ગમતાં બે પુસ્તક કાયમ માટે લઈ જઈ શકે છે. પુસ્તકોની આપ-લેની નોંધ રાખવામાં આવે છે.

અમદાવાદ ખાતે યોજાયેલા પુસ્તક પરબના ત્રણ કાર્યક્રમ દરમ્યાન કુલ ૭૦૦૦ પુસ્તકોની આપ-લે થઈ હતી. શિષ્ટ સાહિત્યના આદાન-પ્રદાન અને છેવટે ગુજરાતી ભાષાને જીવંત રાખવાના હેતુથી આ પરબ યોજવામાં આવે છે. ગાંધીનગર ખાતે તા. ૫-૧-૨૦૧૪ રવિવારના રોજ સવારે ૭.૩૦ થી ૯.૦૦ દરમ્યાન ઘ-૪ના સર્કલ, ઉદ્યોગ ભવન સામે પુસ્તકની પરબ યોજાનાર છે.

વધુ માહિતી માટે સર્વશ્રી રાજેન્દ્ર પટેલ-૯૩૨૭૦૨૨૭૫૫, મનિષ પાઠક-૯૮૨૫૦૪૬૬૮૪ (માતૃભાષા અભિયાનના કાર્યવાહકો), સ્થાનિક માહિતી માટે પ્રજ્ઞા પટેલ-૯૮૨૫૪૩૮૩૯૪ નો સંપર્ક કરવા વિનંતી છે. ગાંધીનગરના સાહિત્યભાવકોને પુસ્તકની પરબની મુલાકાત લેવા હાર્દિક નિમંત્રણ છે.

# પાપા ન્યુગીની દેશના ભારત ખાતેના રાજદ્વારી ગાંધીનગરના મહેમાન

## ભારતમાં રહેવું એ રોમાચંક ઘટના છે, ભારતનો સાંસ્કૃતિક વારસો અદ્ભૂત છે : નામદાર ટેસીસીયર એરી

ગાંધીનગર, તા. ૩

આફ્રિકાના પેસિફિક મહાસાગર તટે આવેલા પાપા ન્યુ ગીની દેશના ભારત ખાતેના હાઈકમીશ્નર નામદારશ્રી ટેસીસીયર એરી આજે ગાંધીનગરના મહેમાન બન્યા હતા. ૨૦૦૬ થી ભારતમાં રાજદ્વારી તરીકે રહેતા શ્રી એરીની ડૉ. પ્રણવ જોષીપુરાએ મુલાકાત લીધી હતી. આ રોચક મુલાકાત દરમ્યાન શ્રી એરીએ ભારતમાં રહેવાને રોમાંચક ઘટના ગણાવતા ભારત વિશ્વમાં પાવર હાઉસ તરીકે ઉભરી આવેલ હોવાનું જણાવ્યું હતું.

વિશ્વમાં અડીખમ પણે અગ્રીમ હરોળમાં ઉભુ રહેલુ ભારત આઈટી, ફાર્માસ્યુટીકલ, એજ્યુકેશન વગેરે ક્ષેત્રે ઝડપથી ગતિ કરે છે તે નોંધપાત્ર છે. આ એક અગત્યની ઘટના છે કે ભારત પોતે વિકાસશીલ દેશ હોવા છતાં વિકસીત અને અર્ધવિકસીત દેશોને ટેકો આપે છે તેમજ તેમના વિદ્યાર્થીઓને સ્કોલરશીપ અને અભ્યાસલક્ષી તક આપે છે. જેમકે પાપા ન્યુ ગીની, આફ્રિકા એ લેટીન અમેરિકાના દેશોમાં ભારત આઈટીઈસી કાર્યક્રમ હેઠળ સ્કોલરશીપ આપે છે. ડૉ. જોષીપુરાના કેટલાક સવાલોના શ્રી એરીએ આવા ખૂબજ અદ્ભૂત જવાબો આપ્યા હતા.



***પ્રશ્ન : આપને ભારતમાં રાજકારણ સિવાય શું ગમે છે ?***

***જવાબ :*** ભારત એક વૈવિધ્યપૂર્ણ દેશ છે, તેની સંસ્કૃતિ સદીઓ જૂની છે જે નૃત્ય અને સંગીતક્ષેત્રે સમૃદ્ધ છે. વિશ્વના ઘણા દેશોમાં આવો વારસો નથી તેમજ ભારતીય ભોજન પણ અદ્ભૂત છે.

***પ્રશ્ન : ભારત અને પાપા ન્યુ ગીની વચ્ચેના સંબંધ કેવા છે ?***

***જવાબ :*** તમે પાન ખાવ છો ? અમે પણ પાન ખાઈએ છીએ. અમે પણ ભારતની જેમ સંયુક્ત કુટુંબ પ્રથામાં માનીયે છીએ અને માતા-પિતાની સાથે રહીયે છીએ. અમારે ત્યાં પણ હજુ ગ્રામ્ય સંસ્કતિ જીવંત છે અને ૮૦૦ થી વધુ ભાષાઓ જીવંત છે.આ તમામ ભાષાઓમાં ગીતો અને નૃત્યો છે આમ અમે પણ ભારતીયોની જેમ જ વૈવિધ્યપૂર્ણ છીએ.

***પ્રશ્ન : પાપા ન્યુગીનીમાં રહેતા ભારતીયો વિશે કંઈક કહો***

***જવાબ :*** લગભગ ૩૦ વર્ષોથી અમારે ત્યાં ખૂબ જ ભારતીયો રહે છે અને ધંધાઓ તેમજ નોકરીઓ કરે છે. અમારે ત્યાં ભારતીય ફિલ્મો પણ જોવાય છે. તેમજ ભોજન અને નૃત્ય પણ ભારતીય ઢબે જ થાય છે. રસપ્રદ રીતે પાપા ન્યુગીનીનો એક ભાગ અંગ્રેજોના કબજામાં અને બીજો ભાગ જર્મનીના કબજામાં હતો. બીજા વિશ્વયુદ્ધ વખતે અંગ્રેજ સેના વતી ઘણા ભારતીયો અમારે ત્યાં યુદ્ધ લડવા આવ્યા હતા.

***પ્રશ્ન : અત્યારે તમને કયો દેશ સૌથી વધારે મદદ કરે છે ?***

***જવાબ :*** જાપાન અમારો સૌથી મોટો બિઝનેસ ડેવલપમેન્ટ પાર્ટરન છે.

***પ્રશ્ન : વૈશ્વિક પ્રવાહના ભાગરૂપે પાપા ન્યુગીનીની સંસ્કૃતિ, ભાષા અને સાહિત્ય પર આક્રમણ થયું છે ?***

***જવાબ :*** જરૂરથી, અમારી પારંપારિક ભાષા, સંસ્કૃતિ, સાહિત્ય, ગીતો અને રિવાજો પર ખૂબ જ અસર પડી છે. જૂની પરંપરાઓ ભૂંસાતી જાય છે તેમજ નવી પરંપરાઓ આવી રહી છે.

***પ્રશ્ન : તેને બચાવવા પ્રયત્નો કરો છો ?***

***જવાબ :*** ચોક્કસ કરીયે છીએ. અમારૂ નેશનલ કલ્ચરલ કમીશન આનું ધ્યાન રાખે છે. તમામ ભૂંસાતી જતી પરંપરાઓનું રેકોર્ડીંગ કરીને સાચવવાના સઘન પ્રયત્નો ચાલે છે. ઉપરાંતમાં મેલેનીશીયન પ્રદેશમાં ફિજી, સામોસા, ટોંગા, ટુઆનુ, ફલાઉ અને માર્શલ જેવા ટાપુઓના આર્ટ અને કલ્ચરલ ફેસ્ટીવલ વર્ષમાં બે વખત યોજાય છે. પેસિફિક સમુદ્રના વિસ્તારમાં ખૂબ જ સભાનતાથી સંસ્કૃતિને જાળવવાના પ્રયત્નો કરવામાં આવે છે.

***પ્રશ્ન : આપને ત્યાં પારંપરિક રંગભૂમિ છે ?***

***જવાબ :*** હા, અમારે ત્યાં દરેક પ્રદેશની આગવી રંગભૂમિ છે. વર્ષમાં એકવાર 'માસ્ક ફેસ્ટીવલ' યોજાય છે જેમાં મ્હોરા, નૃત્ય, નાટક, ગીતો અને પડદા વગેરે બધું જ હોય છે.

***પ્રશ્ન : એક લાઈનમાં આપના દેશનું વર્ણન થઈ શકે ?***

***જવાબ :*** સાંસ્કૃતિક રીતે વૈવિધ્ય ધરાવતો પરંતુ પારંપરિક રીતે ખૂબજ જીવંત અમારો દેશ છે.

***પ્રશ્ન : આપ કંઈક સંદેશો આપવા માગશે ?***

***જવાબ :*** સંસ્કૃતિ એ જીવાદોરી છે. આપના પારંપરિક નૃત્યોની પરંપરા અહીના યુવાનોએ જાળવવી જોઈએ. માણસની ઓળખાણ ોતાની સંસ્કૃતિ અને ભાષા થકી જ છે. વિજ્ઞાનના આક્રમણ છતાં આપણે સૌએ આપણી સંસ્કૃતિની જાળવણી કરવી જોઈએ.

**ભારત વિશ્વમાં પાવરહાઉસ તરીકે ઉભરી રહ્યું છે ભારતીય ભોજન ખૂબ ભાવે છે : એરી**

# ચાલતા-ચાલતા દવાખાને જઈ રહેલી મહિલાનો દોરો ખેંચાયો

## સે-૪માં બપોરે લાલ બાઈક પર ડબલ સવારી ચેઈન સ્નેચર્સ ત્રાટકયા

ગાંધીનગર, તા.૩

ગાંધીનગર શહેરમાં ચેઈન સ્નેચર્સે પોલીસના નાકે દમ લાવી દીધો છે. દર આંતરે દિવસે ચેઈન સ્નેચીંગ કરીને નાસી છૂટવામાં સફળ થતી આ ગેંગને પોલીસનો એક પણ એકશન પ્લાન રોકી શકતી નથી. આજે સે-૪માં ચાલતા ચાલતા એક મહિલા દવાખાને જઈ રહી હતી તે દરમિયાન તેમના ગળામાંથી દોઢ તોલા વજનનો સોનાનો દોરો ખેંચી બાઈક પર ડબલ સવારી આવેલા શખ્સો રફફુચક્કર થઈ ગયા હતાં. મહિલાની ફરિયાદને આધારે સે-૭ પોલીસે ગુનો દાખલ કરીને તપાસ શરુ કરી છે.

શહેરના સે-૪-બી પ્લોટ નં. ૫૪૦/૧ ખાતે રહેતા સુશીલાબેન અરવિંદજી વાઘેલા આજે બપોરના અરસામાં સે-૪-બીમાંથી સે-૪-સી તરફ એક દવાખાને ચાલતા જઈ રહ્યા હતા તે દરમિયાન રસ્તામાં એક લાલ રંગના બાઈક પર બે સવાર શખ્સો તેમની નજીક આવ્યા અને ગળે હાથ મારીને સુશીલાબેનના ગળામાંથી રૂ. ૧૫ હજારની કિંમતનો દોઢ તોલા વજનનો સોનાનો દોરો ખેંચી ચેઈન સ્નેચર્સ નાસી છુટયા હતા. મહિલાએ બુમાબમ કરતાં આસપાસના લોકો ભેગા થઈ ગયા હતા પરંતુ ત્યાં સુધીમાં બંને શખ્સો બાઈક સાથે ગાયબ થઈ ગયા હતા. સે-૭ પોલીસે ચેઈન સ્નેચીંગનો ગુનો દાખલ કરીને ચેઈન સ્નેચર્સને પકડી પડવા તજવીજ શરુ કરી છે.



સેક્ટર-૭માં આવેલ યુનાઈટેડ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા દર ગુરૂવારે ગરીબોને ખીચડી જમાડવાનું સેવાકીય કાર્ય કરાય છે. આ કાર્ય કેટલીકવાર દાતાઓ તરફથી તેમના પિતૃઓના તર્પણ કે શ્રદ્ધાંજલિરૂપે પણ કરવામાં આવે છે. ગત ગુરૂવારે આજ રીતે ગુજરાત સમાચારના ગાંધીનગરના ફોટોગ્રાફર ધર્મેન્દ્રસિંહ કુંપાવતના પિતાશ્રી ગિરધારીસિંહ કુંપાવતની પુણ્યતિથિ નિમિત્તે ગરીબોને ખીચડી જમાડવામાં આવી હતી. આ ખીચડી પ્રસાદ ધર્મેન્દ્રસિંહના માતૃશ્રી સજનબા ગિરધારીસિંહ કુંપાવત દ્વારા શ્રદ્ધાંજલીરૂપે દાન કરાયો હતો. (વિપુલ ચૌહાણ)

# એસ.ઓ.જી.ની ટીમના દહેગામ અને માણસા વિસ્તારમાં દરોડા

## બે સિમકાર્ડના અને બે સીસી ટીવીના મળી જાહેરનામા ભંગમાં ચાર કેસ કર્યા

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર એસ.ઓ.જી. પી.આઈ.ની સુચનાથી તેમની ટીમે માણસા અને દહેગામ વિસ્તારમાં ચેકીંગ કરીને મોબાઈલની દુકાનોમાં તથા રેસ્ટોરન્ટમાં દરોડા પાડ્યા હતા. જેમાં બે મોબાઈલની દુકાન ધરાવતા વેપારીયો સીમકાર્ડનું રજીસ્ટર ન રાખતા અને બે રેસ્ટોરન્ટ સંચાલકો સીસી ટીવી કેમેરા ન લગાડ્યા હોવાનું ધ્યાને આવતા ચારેય સામે ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

એસઓજી પી.આઈ. જે.ડી. બ્રહ્મભટ્ટની ટીમે જિલ્લાના અલગ અલગ બે તાલુકા વિસ્તારમાં દરોડા પાડીને જાહેરનામાનો ભંગ કરનાર ચાર શખ્સો સામે કાયદેસરની કાર્યવાહી કરી છે. દહેગામના ગોકુલ મોબાઈલ પોઈન્ટ તથા માણસાના જહાનવી મોબાઈલ એન્ડ પાર્લર નામની બે મોબાઈલની દુકાનોમાંથી સીમકાર્ડ વેચ્યા બાદ તેને રજીસ્ટરમાં નિભાવવામાં આવતું ન હોવાનું ધ્યાને આવ્યું હતું. તે ઉપરાંત દહેગામના ગોકુળધામ હોટલ એન્ડ પાર્લરમાં સીસીટીવી કેમેરા તથા માણસાના અંબોડ ત્રણ રસ્તા આનંદપુરા ગામની સીમમાં સ્થિત શિવશક્તિ રેસ્ટોરન્ટ બન્ને રેસ્ટોરન્ટમાં કેમેરા લગાડેલા ન હોવાથી બન્નેના માલીક સામે કાર્યવાહી કરી ચાર જણા સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# લાયબ્રેરી, વિધાનસભા અને પોલીસ કામગીરીની મુલાકાત કરાઈ

ગાંધીનગર, તા. ૩

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ (કડી) ગાંધીનગર સંચાલિત શ્રીમતી એમ.બી. પટેલ કન્યા પ્રાથમિક શાળાની ધોરણ-૭ અને ૮ની ૬૮૨ વિદ્યાર્થિનીઓએ તા. ૧-૧-૨૦૧૪ અને ૨-૧-૨૦૧૪ના રોજ વિધાનસભા, સે. ૨૧ પોલીસ સ્ટેશન તથા રાજ્ય મધ્યસ્થ ગ્રંથાલય સે. ૧૭ની મુલાકાત લીધી હતી.

રાજ્ય મધ્યસ્થ ગ્રંથાલયના મુખ્ય ગ્રંથપાલ દિપકભાઈ મહેતાએ વિદ્યાર્થિનીઓને પુસ્તકાલયનું મહત્વ, તેનાં જુદા જુદા વિભાગો તેની કામગીરીની સમજ આપી હતી. સે. ૨૧ પોલીસ સ્ટેશનના સિનિયર પી.આઈ. શ્રી ભરતસિંહ ચાવડા સાહેબે વિદ્યાર્થીઓને મુશ્કેલીના સમયમાં દુશ્મનનો સામનો કેવી રીતે કરવો, મુશ્કેલીના સમયમાં પોલીસ કેવી રીતે મદદ કરી શકે તેમજ પોલીસ સ્ટેશનના જુદા જુદા વિભાગો અને તેની કાર્યપદ્ધતિની સુંદર માહિતી આપી હતી.

ગુજરાત વિધાનસભાના સેકશન ઓફિસર શ્રી પ્રદિપભાઈ મોદીએ વિધાનસભાની સ્થાપના અને તેની કાર્યવાહી અંગેની ઝીણવટભરી માહિતી આપી અને તેમજ વિધાનસભાનો લાઈવ શૉ બતાવ્યો હતો. ઉપરોક્ત ત્રણેય સ્થળોએ તમામ વિદ્યાર્થિબહેનોને ચોકલેટ આપી મોં મીઠું કરાવ્યું હતું.

# નાગરિક પરિષદની બેઠક મળશે

ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરિષદ દ્વારા દર માસના પહેલા સોમવારે મળતી બેઠક તા. ૬ જાન્યુઆરી બપોરે ૪.૩૦ કલાકે નમન એપાર્ટમેન્ટ સે-૨૧ ખાતે પ્રમુખ લવજીભાઈ વાડિયાના અધ્યક્ષ સ્થાને મળશે. સર્વે કારોબારી સભ્યોએ હાજર રહેવા નિરંજન ઓઝાએ જણાવ્યું છે.

# સે-૨૬ કિસાનનગરમાં સુંદરકાંડ પાઠ

પંચમ સોપાન સુંદરકાંડ પાઠ આજ રોજ શનિવાર રાત્રે ૮.૩૦ કલાકે પ્લોટ નં. ૧૨૮/૧ સેકટર-૨૬ કિસાનનગર ખાતે સંજયભારતી ગોસ્વામીની વ્યાસપીઠે યોજવામાં આવશે.

# કૃષિ-સહકાર વિભાગને હરાવી માર્ગ-મકાન વિભાગની ટીમ છઠ્ઠી વખત ફાઈનલમાં પહોંચી

સચિવાલય આંતર વિભાગીય ક્રિકેટ ટૂર્નામેન્ટમાં આજે રમાયેલી એક મેચમાં માર્ગ અને મકાન વિભાગની ટીમે કૃષિ અને સહકાર વિભાગની ટીમને પરાજય આપી ફાઈનલમાં પ્રવેશ કર્યો હતો. કૃષિ અને સહકાર વિભાગની ટીમ પ્રથમ બેટીંગ કરતા ૩૧.૧ ઓવરમાં ૧૨૩ રન બનાવી ઓલઆઉટ થઈ ગઈ હતી. જવાબમાં માર્ગ અને મકાન વિભાગની ટીમે ૬ વિકેટ ગુમાવીને ૧૨૭ રન કરી દેતા વિજય મેળવ્યો હતો. માર્ગ અને મકાન વિભાગ તરફથી મેઘરાજસિંહ સોલંકીએ ૪૩ રન ફટકાર્યા હતા. મેચમાં ૪ વિકેટ ઝડપનાર વી.ડી. પટેલને મેન ઓફ ધ મેચ જાહેર કરાયા હતા.



ગાંધીનગર શહેરના સે-૧૬ ખાતે સ્થિત સરકારી પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓએ મહિલા પોલીસ સ્ટેશનની મુલાકાત લીધી હતી. મહિલા પોલીસ મથક સે-૧૬નાં સિનિ. પી.આઈ. મિનાક્ષીબેન પટેલે વિદ્યાર્થીઓએ કરેલી પ્રશ્નોત્તરીના ઉત્તરો આપીને પોલીસની કામગીરીથી માહિતગાર કર્યા હતાં.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

**સૂર્યોદય : ૭.૧૫**
**સૂર્યાસ્ત : ૫.૫૭**

## તાપમાન

**મહત્તમ : ૩૦.૦ ડિ.સે.**
**લઘુત્તમ : ૧૫.૮ ડિ.સે.**

## ભેજનું પ્રમાણ

**સવારે ૮૪ ટકા ● સાંજે ૫૯ ટકા**

## મનોરંજન

### સિને મેક્સ

**: સ્ક્રીન-૧ :**
શોલે- ૩ડી : ૯.૪૦, ૧.૪૦, ૫.૪૦, ૯.૪૦
**: સ્ક્રીન-૨ :**
મી. જોઈ બી કારવલ હો : ૧૦.૧૦, ૧૨.૪૦, ૩.૧૦, ૫.૪૦, ૮.૧૦, ૧૦.૪૦
**: સ્ક્રીન-૩ :**
ધૂમ-૩ : ૧૧.૨૫, ૨.૫૫, ૬.૨૫, ૯.૫૫
**: સ્ક્રીન-૪ :**
ધૂમ-૩ : ૯.૧૦, ૧૨.૪૦, ૪.૧૦, ૭.૪૦

### આર વર્લ્ડ

**: સ્ક્રીન-૧ :**
મી. જોી. કારવલ હો : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૦૦
**: સ્ક્રીન-૨ :**
શોલે : ૧૦.૦૦, ૨.૦૦, ૬.૦૦, ૧૦.૦૦
**: સ્ક્રીન-૩ :**
ધૂમ-૩ : ૧૦.૧૫, ૧.૩૦, ૫.૩૦, ૯.૩૦

### સૂર્યા, વાવોલ

ધૂમ-૩ : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
મારા રાજ ઠાકોરની ચુંદડી : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### મૂવી પ્લેક્સ, કલોલ

**: સ્ક્રીન-૧ :**
ધૂમ-૩ : ૯.૩૦, ૧૨.૪૫, ૪.૦૦, ૭.૧૫, ૧૦.૩૦
**: સ્ક્રીન-૨ :**
ધૂમ-૩ : ૧૦.૩૦, ૨.૦૦, ૫.૩૦, ૯.૦૦
**: સ્ક્રીન-૨ :**
આર..કુમાર : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

### ચિરાગ, કલોલગ, કલોલ

ધૂમ-૩ : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

## આપની આજ

**મેષ** : મહત્ત્વકાંક્ષા અનુસાર કાર્ય પૂરા થઈ શકશે. આપના દ્વારા કરાયેલા પ્રયત્નોથી વેપારને નવી ઊંચાઈઓ પ્રાપ્ત થશે. મનમાં ઉલ્લાસ અને જોશમાં વધારો થઈ શકશે. જે તમારા કાર્ય અને વેપારમાં કોઈ નવી ગતિ પ્રદાન કરશે. સમય શુભ.

**વૃષભ** : વરિષ્ઠ વ્યકિતઓ તથા નીતિગત સમસ્યાઓ પર સમય અને ધન ખર્ચ થવાની સંભાવના છે. તમને તમારા શોખ પૂરા કરવા માટેની પૂર્ણ તકો પ્રાપ્ત થઈ શકશે. નોકરીમાં સ્થિતિ સામાન્ય રહે તેવી શકયતાઓ છે.

**મિથુન** : કર્મક્ષેત્રમાં વિશેષ ઉપલબ્ધિ અને નવા કર્યો થશે. વ્યવસાયીક ભાગીદારી, કૌટુંબિક વિવાદ વગેરે માટે ભાગ્યવર્ધક યાત્રા થઈ શકે છે. ઉદાર મન તથા ક્ષમાવાન વ્યવહારથી લાભ પ્રાપ્ત થઈ શકે છે. સામાજિક ક્ષેત્રમાં તમારા આચરણની લોકો પ્રસંસા કરશે, નવા સંબંધ બંધાશે.

**કર્ક** : આર્થિક ક્ષેત્રમાં શોધ સંબંધી કાર્ય થઈ શકે છે. વિવાદિત આર્થિક પ્રકરણોમાં સંયમપૂર્વક ઉકેલવા. જ્ઞાન, સાહિત્ય શિક્ષાનું ઉચ્ચસ્તરીય અધ્યયન થશે અને તેમા તમારો મોટાભાગનો સમય પસાર થશે.

**સિંહ** : કલાત્મક કાર્ય પ્રારંભ થશે. વ્યવસાયિક ભાગીદારી માટે ઉત્તમ સમય. કાર્યનો વિસ્તાર અને તેમાં નવીનતાનો પણ યોગ બનશે જે તમને મદદરૂપ સાબિત થઈ શકે છે. કૌટુંબિક કષ્ટ અને સમસ્યાઓનો સમાપ્ત થવાની શકયતાઓ છે.

**કન્યા** : કર્મક્ષેત્ર સંબંધી સમસ્યાઓના નિરાકરણ હેતુ યાત્રા અને ભાગદોડ થવાની શકયતા છે. અર્થની પ્રાપ્તિનો યોગ બની રહ્યો છે. પરિશ્રમથી કાર્યમાં શુભ પરિણામ પ્રાપ્ત થાય છે. માતા-પિતાની ચિંતાઓ દૂર થતી જણાય.

**તુલા** : ભાગ્યવર્ધક કાર્યોમાં સફળતા પ્રાપ્ત થશે. આપના દ્વારા વિવેકના વિપરિત કાર્ય થવાને કારણે હાનિ થઈ શકે છે. અટકેલા ધન માટે પ્રયાસ કરવાથી લાભ થવાની સંભાવનાઓ રહેલી છે. સગા- સ્નેહી, મિત્રો સાથે મુલાકાત થઈ શકશે.

**વૃશ્ચિક** : સંતાનની સ્થિતિમાં સુધારની સંભાવનાઓ છે. વ્યાપારિક ક્ષેત્ર વિસ્તૃત થઈ શકશે. વિરોધીઓ હેરાન-પરેશાન કરી શકે છે. જેનું ધ્યાન રાખીને પોતાની કામગીરી કરવી. કૌટુંબીજનો સાથે વાદવિવાદ ન થાય તેની કાળજી રાખવી.

**ધન** : વેપાર સંબંધી કાર્યો માટે યાત્રાથી ભાગ્યોદય. પવિત્ર તીર્થસ્થાનોની યાત્રા થશે. કાર્યોમાં નવીન સમસ્યાઓ આવવાની શકયતાઓ છે. જેથી ધૈર્ય અત્યંત જરૂરી છે. ખર્ચ પર નિયંત્રણ રાખવું.

**મકર** : આર્થિક સ્ત્રોતોથી લાભ પ્રાપ્તિ થવાની સંભાવના. માનસિક સંતોષ થતાં પ્રસન્નતા પ્રાપ્ત થશે. સંતાનની પ્રગતિના સમાચાર આજે પ્રાપ્ત મળી શકે છે. પૂર્વમાં કરલે કાર્યોનું ફળ પ્રાપ્ત થઈ શકે છે. સુખદ યાત્રા.

**કુંભ** : મનોરંજન કલા આમોદ-પ્રમોદના કાર્યોમાં રુચિ જાગૃત થશે. સાહિત્ય જગતના લોકો માટે ઉપલબ્ધિ કારક સમય. સંપત્તિની ખરીદારીમાં લાભ પ્રાપ્ત થશે. સમાજ અને રાજકારણમાં ખ્યાતિમાં અભિવૃદ્ધિ થશે.

**મીન** : આર્થિક કાર્યોમાં સફળતા પ્રાપ્તિ થવાની સંભાવના. ઉચ્ચ સ્તરીય કલ્પનાઓમાં સમય પસાર થઈ શકે છે. યાત્રા-પ્રવાસ દરમ્યાન સાવધાની રાખવી હિતાવહ છે. કલાત્મક ક્ષેત્રોમાં વિશિષ્ટ ચિંતનનો યોગ બની રહ્યો છે. સત્સંગ થશે.

## ચિરવિદાય

- સ્વ. શંકરબેન ભાણાભાઈ સોલંકી (ઉ.વ. ૮૨) મુ.પો. ચિલોડા, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. રમતુજી ચુનાજી સોલંકી (ઉ.વ. ૯૩) મુ.પો. ડભોડા, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. બાબુભાઈ નાગજીભાઈ રાવળ (ઉ.વ. ૩૭) ગોકુળપુરા, સેકટર-૧૪, ગાંધીનગર.